Seat No. : _______________

# JB-117

**July-2021**

**B.A., Sem.-VI**

**CC-311 : Gujarati**

**(અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-2)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**વિભાગ – I**

કોઈપણ ત્રણ પ્રશ્નના ઉત્તર આપો. દરેક પ્રશ્ન **14** ગુણ ભાર ધરાવે છે. **42**

1. ગાંધીયુગના સાહિત્યની પ્રમુખ લાક્ષણિકતાઓની સવિસ્તાર ચર્ચા કરો.

2. ગાંધીજીની સાહિત્યિક પ્રવૃત્તિઓ વર્ણવી, ગાંધીયુગમાં થયેલ સાહિત્યિક નવપ્રસ્થાન આલેખો.

3. શ્રી ઉમાશંકર જોશીના સર્જક વ્યક્તિત્વનો તલસ્પર્શી પરિચય કરાવો.

4. ટૂંકનોંધ લખો : (1) વાર્તાકાર સુન્દરમ્
   (2) કૃતિ પરિચય કરાવો – જનમટીપ

5. અનુ ગાંધીયુગના સાહિત્યની વ્યવર્તક લાક્ષણિકતાઓનો પરિચય કરાવો.

6. ટૂંકનોંધ લખો. (1) નિરંજન ભગતની કવિતામાં નગર સંસ્કૃતિનું આલેખન
   (2) કૃતિ પરિચય કરાવો – બારીબહાર

7. આધુનિક યુગના સાહિત્યને પ્રેરનારા મુખ્ય પરિબળોની ચર્ચા કરો.

8. ટૂંકનોંધ લખો. (1) વાર્તાકાર સુરેશ જોશી
   (2) કૃતિ પરિચય કરાવો – વ્યથાના વીતક

## વિભાગ – II

સૂચના પ્રમાણે ઉત્તર આપો.

9. નીચેના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી કોઈપણ **આઠ** પ્રશ્નોના ઉત્તર આપો. **8**

(1) ગાંધીયુગમાં પ્રારંભ થયો હોય તેવા બે સાહિત્યસ્વરૂપો કયા છે ?

(a) સોનેટ – ખંડકાવ્ય
(b) ટૂંકીવાર્તા – એકાંકી
(c) નવલકથા – આત્મકથા
(d) ગીત – કરુણપ્રશસ્તિ

(2) 'અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ?
કાળ તણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનના કૂપ ?' – પંક્તિ કયા કવિની છે ?

(a) ઉમાશંકર જોશી
(b) ઝવેરચંદ મેઘાણી
(c) સુંદરમ્
(d) રાજેન્દ્ર શાહ

(3) કવિ ઉમાશંકર જોશીના કયા કાવ્યમાં વિવેચકોએ આધુનિકતાનો પ્રથમ અણસાર જોયો છે ?

(a) આત્માના ખંડેર
(b) પંખીલોક
(c) બળતાં પાણી
(d) છિન્નભિન્ન છું

(4) 'દર્શક' ને કઈ નવલકથા માટે મૂર્તિદેવી પુરસ્કાર પ્રાપ્ત થયો હતો ?

(a) સોક્રેટિસ
(b) દીપનિર્વાણ
(c) બંધન અને મુક્તિ
(d) ઝેર તો પીધાં છે જાણી જાણી

(5) 1942ની હિન્દ છોડો ચળવળ પર આધારિત જ્યંતી દલાલની નવલકથાનું નામ આપો.

(a) ધીમુ અને વિભા
(b) પાદરના તીરથ
(c) ગાંધીની કાવડ
(d) સધરા જેસંગનો સાળો

(6) 'કહેવા યોગ્ય એકપણ વાત હું છુપાવવાનો નથી' કોની આત્મકથાનું વિધાન છે ?

(a) નર્મદ
(b) ક.મા.મુનશી
(c) મહાત્મા ગાંધી
(d) વિનોબા ભાવે

(7) આધુનિક શબ્દ મૂળ કયા સંસ્કૃત શબ્દ પરથી આવ્યો છે ?

(a) અધ (b) આધુનિકા

(c) અધુના (d) પ્રવર્તમાન

(8) 'ઇશ્વરનું મૃત્યુ થયું છે' એવું વિધાન નિત્શેના કયા પુસ્તકમાં આવે છે ?

(a) Jenseits von gut und Bose (b) Zur Genealogie der Moral

(c) Also sprach Zarathustra (d) Die Nacht

(9) સુરેશ જોષીએ પોતાના કયા કાવ્યસંગ્રહને રદ જાહેર કર્યો હતો ?

(a) ઉપજાતિ (b) પ્રત્યંચા

(c) ઇતરા (d) પરકીયા

(10) નીચેનામાંથી આધુનિક સાહિત્યનું એક લક્ષણ ઓળખી બતાવો :

(a) સમાજાભિમુખતા (b) એબ્સર્ડિટી

(c) ભાષા સાદગી (d) સમાજસુધારો

(11) નીચેનામાંથી કયો કાવ્યસંગ્રહ વેણીભાઈ પુરોહિતનો છે ?

(a) અશબ્દ રાત્રિ (b) પ્રત્યંચા

(c) સિંજારવ (d) શાંત કોલાહલ

(12) ગુજરાતી ટૂંકીવાર્તાની શરૂઆત કોના દ્વારા થઈ ?

(a) પન્નાલાલ પટેલ (b) ઉમાશંકર જોશી

(c) સુંદરમ્ (d) મલયાનિલ

(13) ગાંધીયુગ અને તે પછીના ગુજરાતી સર્જકોએ કયા બે વિદેશી મહાપુરુષોના પ્રભાવથી સાહિત્ય સર્જન કર્યું ?

(a) રવીન્દ્રનાથ – શ્રી અરવિંદ (b) ટી.એસ. એલિયટ – સેમ્યુઅલ બેકેટ

(c) સિગ્મંડ ફ્રોઇડ – કાર્લ માર્કસ (d) હોમર – સોક્રેટિસ

(14) 'મન મારું લઈ જાય ત્યાં જાવું પ્રેમને સંનિવેશે' પંક્તિ રાજેન્દ્ર શાહના કયા કાવ્યની છે ?

(a) નિરુદ્દેશે (b) શેષ અભિસાર

(c) આયુષ્યના અવશેષે (d) શ્રાવણી મધ્યાહ્ને

(15) નીચેનામાંથી કયા કવિનું પ્રદાન ગુજરાતી સરરિયલ કવિતામાં વિશેષ છે ?

(a) સુરેશ જોષી (b) ઉમાશંકર જોશી

(c) સિતાંશુ યશચંદ્ર (d) ચિનુ મોદી

(16) 'ચરે, ફરે, રતિ કરે, ગર્ભને ધરે અવતરે, મરે' – કયા કાવ્યની પંક્તિ છે ?

(a) જટાયુ (b) ઓડિસ્યૂસનું હલેસું

(c) મનુ, યમ અને જળ (d) મગન કાવ્યો

---